# “ વક્ત એક અઝીમ દૌલત છે. ”

સાલેહીન અને હકીમોનો કૌલ છે કે, ત્રણ ચીઝો એવી છે કે જે પાછી આવતી નથી. (૧) ગુઝરેલો વક્ત (૨) ગુઝરેલી જવાની (૩) ઝબાનથી નીકલેલો લફઝ.

અલ્લાહતઆલાએ કાએનાતની હર ચીઝ વાસ્તે એક મુકર્રર વક્ત મુકેલો છે. આ વક્તની બંદિશમાં જ એ ચીઝ પોતાનું કામ કરી શકે છે. કુરઆને કરીમમાં અલ્લાહતઆલાએ દુનિયાની પૈદાઈશ ૬ અય્યામમાં કીધી છે એ ઝાહિરી બયાન ફરમાવેલું છે અને એક દિનને ખાલી રાખેલો છે. વક્ત, હર શખ્સની વાસ્તે એક સરમાયો છે; કીમતી જૌહર છે; એ ઘણા હકીમો કહી ગયા, ઘણા મઝમૂન લખાઈ ગયા અને મુસ્તકબિલમાં લખાતા રહેશે. આને પાછલ હકીકત એ છે કે દુનિયાની માલ-મિલ્કીયત કરતાં વક્તની કીમત ઘણી ઝિયાદહ અને મુમતાઝ છે. સરવત કે દૌલત તો બીજા પાસેથી ઉછીનું લઈ શકાય છે. આજના તરક્કીયાફતા ઝમાનામાં ઉછીના નકદ આપતા ઘણા સરકારી અને ગૈરસરકારી ઈદારાઓ મૌજૂદ છે. આ તરહ દૌલત હાસિલ કરીને દુનિયાનાં અઝીમ બાઝારમાંથી ગમે તે ચીઝ ખરીદી શકાય છે. પણ આ કોમ્પ્યુટર IT ના ઝમાનાએ હજી કોઈ ઈદારો કે સંસ્થા એવી બનાવી નથી કે જેમાં અરઝી કરીને વક્ત ઊછીનો લઈ શકાય ! અલબત્તા અપને પાસે દૌલત હોય તો એની મદદથી દૂર રહેનાર લોગોનો રાબેતો કાઈમ કરીને અને વાહનોને ખરીદ કરીને ઈસ્તેઅમાલ કરવાથી અપને વક્ત બચાવી શકીએ છીએ. પણ આખિરકાર વાત તો એ જ આવે છે કે, ઈન્સાને આજના જલ્દબાઝીના ઝમાનામાં પોતાની દૌલતનો ઝખીરો કરવા સાથે વક્ત બચાવીને એનો ખૈર ઈસ્તેઅમાલ કેમ કરવો એનો મનસૂબો કરતા શીખવું જોઈએ.

અકલમંદ, શાતિર અને ઝહીન ઈન્સાન ઓછા વક્તમાં પોતાની ખૂબી અને ચાલાકીથી બીજાને ઉલઝન અને હૈરાનીમાં નાખીને મોટો ફાયદો લઈ લે છે. આવા લોગો વાસ્તે હર ચીઝ નો વક્ત મોહય્યા પણ હોય છે અને મુકર્રર પણ. કેમ કે તેઓ વક્તની એહમીયત અને નઝાકતને સમઝતા હોય છે. કુરઆને કરીમમાં આની ઝિક્ર છે કે ઘણા કમ લોગો પોતાની ઝિંદગીના અસલી મકસદને સમઝી શકે છે. યાઅની વક્તની માઅરેફત કરી શકે છે; આજના દૌરમાં હર કોઈની ઝબાનથી આ જુમ્લો અદા થાય છે કે, **“મને તો ટાઇમ જ નથી.”** ટાઈમ ન હોવાનુ બહાનુ હમેં બહુ આસાનીથી બનાવી દઈએ છીએ. આવા કહેનારાઓ પાસે ટાઈમની કોઈ જ કમી હોતી નથી; ફક્ત કમી છે તો હિદાયત અને અલ્લાહની તૌફીકની. કોઈ બે માઅના યા ગૈરમકસદના કામ વાસ્તે ફૌરન વક્ત નીકલી આવે છે. હમેં રોઝમર્રાના કામકાજમાં એવો તો ઘણો વક્ત ઝાયેઅ કરતા હોય છે જેને અગર જમાઅ કરવામાં આવે તો ફલાહો બેહબૂદીના અઝીમ કારનામા અંજામ આપી શકાય.

એવા લોગો પણ મૌજૂદ છે જે તમામ ચીઝ જાણવાને બાવજૂદ વક્તને પાનીની જેમ ઝાયેઅ કરે છે. “મારે પાસ તો ટાઈમ નથી,” ખૂબ જલ્દી થી પુકારી ઉઠે છે. ટાઈમ છે તો ટીવી જોવામાં, દોસ્તો સાથે રાતે ઘરને બાહર બેસીને ગપશપ કરવામાં, બીજાની મસ્ખરી કરવામાં, હોટલોમાં જમાઅ થાવામાં, ગૈર જગાઓ પર મજલિસોમાં બેસવામાં, મોબાઈલ પર SMS અને ગૈરઝરૂરી વાત કરવામાં, Internet પર કલાકો સુધી બેસવામાં, બેમતલબ રસ્તાઓ પર બાઈક લઈ ચક્કર મારવામાં, આઈના સામે મેકઅપ કરવામાં, પીકચરો વાસ્તે Multiplex માં જાવામાં, બીજાની ખોદણી અને ગીબત કરવામાં, બાઝારોમાં ગૈરલાઈક ખરીદી કરવામાં વગૈરહ, આવા બેહૂદા કામોથી અકસર કરીને કઈ જ હાસિલ થવાનું નથી. અને જો કહેવામાં આવે કે, મોહર્રમની મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની વાઅઝો મજલિસમાં આવો, દુઆતોના બેહરમ-ઉર્સની મેહફિલમાં હિસ્સો લો, રમઝાનની ઈબાદતોમાં શરીક થાવ, દાઅવતના મરકઝ પર દરસમાં આવો, દાઅવતનું અખ્બાર પઢો, કોઈ અંજુમનમાં ખિદમતે કૌમ અંજામ આપો, ભલાઈના કામો તરફ તવજ્જોહ કરો, નમાઝોમાં પાબંદીથી આવો, બચ્ચાઓની તાઅલીમ તરફ ધ્યાન આપો તો બિલાતહાશા સોચા સમઝા બગૈર ઝબાન બસ આ જ કહેવા ઉપડશે કે, **“ટાઇમ જ કઁા છે !”**, **“આ તો મારૂં કામ નથી”**, **“આ બધું એડજેસ્ટ ન થાય.”** તો ભાઈ, પછી દુનિયામાં જ શું કામ આવા ? જો માઁ આ જ ચીઝ કહેતા તો શું થાતું ! આ દુનિયામાં ખુદના વક્ત સાથે બીજા હમસાયાઓને સાથે લઈને ચાલવું જે એક આકેલાના રવય્યો અને સમાજી તકાઝો છે.

વક્તની સામે ઈન્સાન લાચાર અને બેબસ છે. કોઈની ઝિંદગીની ઉમરમાં કોઈ એક બે વરસ આપીને ઈઝાફો કરી શકતું નથી યાઅની કે એક ઈન્સાન પાસે પોતાનો વક્ત અને બીજાને પાસે એનો વક્ત એમ સમઝીને પોતાના વુજૂદ ને બરકરાર રાખે છે. ગમે એવો દૌલતમંદ શખ્સ હોય પણ જે વક્ત તેના ઘરમાં મલકુલ મૌત દાખિલ થાય છે, તો પોતાની નઝર સામે પોતાના બીમાર નાના ફરઝંદને વફાત થાતા જોઈ છે પછી ભલેને તે પોતે ઉમરરસીદા હોય. અલ્લાહતઆલાએ તમામ લોગોને વાસ્તે તેઓની ઝિંદગીમાં કોઈ શાહકાર બતાવવાનો વક્ત આપેલો છે, જે ઈન્સાનને સમઝીને, સોચીને અને ગૌર કરીને ગુઝારવાનો છે. જો અગર આ લાકીમત નેઅમત બેદરકારીથી ખર્ચ થાય તો ઈન્સાનને નઝદીક નદામત અને પછતાવા સિવાય બીજું કઈ બાકી રહેતું નથી.

દુનિયાના લોગોમાં અહલે ઈસ્લામના મઆશેરામાં વક્ત બચાવવાના ત્રણ તરીકાઓ છે. એક મિસરના લોગોનો તરીકો, બીજો અરબનો તરીકો અને ત્રીજો ઈરાનીઓનો તરીકો.એક મિસરી, એક અરબ અને એક ઈરાની મુસાફિરો હિન્દુસ્તાન મુલ્ક જોવા દિલ્હી આવા. તેઓ એરપોર્ટ પર ઉતરા તો તે જગા પર એક બુઝુર્ગ આલિમ બેસેલા જોયા. ત્રણેમાંથી પહેલા મિસરી મુસાફિર આલિમને નઝદીક ગયો અને પૂછ્યું, મેં મારા કારોબારમાંથી બે વરસની રઝા લીધી છે તો શું હું તમામે તમામ હિન્દુસ્તાન જોઈ શકીશ  ? આ સવાલ સાંભલીને આલિમ થોડા ફિક્રમાં પડા. તેએ સાફ-સાફ જવાબ આપો, “ના”. તમે શાયદ ચોથા હિસ્સાનું જ હિન્દુસ્તાન જોઈ શકશો. પછી અરબ મુસાફિર આલિમને મીલો. તેએ આલિમને પૂછ્યું કે, મારે પાસે ફક્ત એક વરસની રઝા છે. શું હું હિન્દુસ્તાનનો પૂરો નઝારો કરી શકીશ ? એક પલની તાખીર કીધા બગૈર આલિમે તરત જવાબ આપો કે, તમે અડધું હિન્દુસ્તાન જોઈ શકશો. આખિરકાર ઈરાની મુસાફિર આલિમને નઝદીક આવો પણ એને આલિમને કંઈ પૂછ્યું નહીં, તો આલિમે તઅજ્જુબમાં ઈરાની મુસાફિરને પૂછ્યું કે, હિન્દુસ્તાન જોવા વાસ્તે તમારે પાસે કેટલો વક્ત છે ? ઈરાની મુસાફિરે કહ્યું કે, મેં ફક્ત મારી ઓફિસમાં છ મહિનાની રઝા મૂકેલી છે. તો આલિમે ફૌરન ઈઝહારે ખયાલ કીધો કે, **તમે પૂરેપૂરું હિન્દુસ્તાન જોઇ શકશો.** અને તે બાદ પણ તમારે પાસે એક અઠવાડિયું બિલકુલ બાકી રહેશે. આ મિસાલ પરથી જે ઈબરત અને સબક હાસિલ થાય છે તે ઘણો જ સાફ છે, યહાઁ હિન્દુસ્તાની સરઝમીન તો ફક્ત મુસાફિરો વાસ્તે એક નિશાની છે, અલામત છે પણ ઝિંદગીના કોઈ પણ શાહકાર, પ્રોજેક્ટ, ખિદમત, મનસૂબો યા મિશન એ અપના વાસ્તે પૂરા હિન્દુસ્તાનની મુસાફરી છે જેનો મુશાહેદો કરવા વાસ્તે વક્તની વહેંચણી કરવી લાઝિમી છે. **વક્તનો નિઝામ એના મનસૂબા પર થાય, એના વાસ્તે હર શખ્સને બૈદાર રહેવું જોઇએ.** જે શખ્સમાં વક્તની જાલવણી અને સાચવણી વાસ્તે બૈદારી અને હોંશ નથી એ શખ્સ કામિયાબીની સીડી સર કરી શકતો નથી. નમાઝ પહેલા કે નમાઝ બાદ, બૈરાઓની મજલિસોની હાઝરીમાં, ઈદતવાલા બૈરાઓને પુરસો દેતા વક્ત અને દીગર મેહફિલ, મજલિસ યા તો જમન જમતા પહેલા યા તો જમનના થાલ પર જે મુજબ વક્તની બરબાદી થાય છે અને ગીબત તેમજ ચુગલખોરીમાં આ કીમતી દૌલત બાઝ લોગો લુટાવી રહ્યા છે તેના વાસ્તે એમ કહી શકાય કે, હઝાર રૂપિયા આપીને એક તૂટેલી કલમ ખરીદે એ ઘરાકને શું કહેવું ? ★